# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11.01.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

*****************************************************

1) સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સોમનાથ ખાતે શૌર્ય યાત્રામાં ભાગ લેશે - જાહેર સભાને સંબોધશે

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિદેશી પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ગુજરાતના રાજકોટમાં યોજાનારા વાઇબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સનું ઉદઘાટન કરશે

3) નાણામંત્રી નિર્મલા સીતારમણે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બજેટ પૂર્વેની પરામર્શ બેઠક યોજી.

4) મ્યાનમારમાં સાયબર કૌભાંડમાં ફસાયેલા 27 ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે ભારત પરત લવાયા.

5) ઇરાનમાં્ સરકાર વિરોધી પ્રદર્શનોમાં 65નાં મોત.

6) ભારત આજે ગુજરાતના વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ ODI શ્રેણીની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે રમશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. PM-GUJARAT

ગુજરાતના પ્રભાશ પાટણમાં આવેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાંની ઉજવણી અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મંદિરની રક્ષામાં પોતાનું બલિદાન આપનારાઓના સન્માનમાં આયોજિત શૌર્ય યાત્રામાં ભાગ લેશે. અહીં તેઓ જાહેરસભાને પણ સંબોધશે. શ્રી મોદી સોમનાથ મંદિરમાં પ્રાર્થના કરશે ત્યારબાદ, શ્રી મોદી રાજકોટમાં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે.

પ્રધાનમંત્રીએ ગઈકાલે સોમનાથ મંદિરમાં ઓમકાર મંત્રના પાઠમાં ભાગ લીધો હતો અને મંદિર સંકુલમાં આયોજિત ડ્રોન શો નિહાળ્યો હતો. આ ઐતિહાસિક ઉજવણીઓમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લઈ રહ્યા છે.

સાંભળીએ એક વિશેષ અહેવાલ......

BYTE: અપર્ણા ખૂંટ

# NT. FM-PRE-BUDGET MEETING

નાણામંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે નવી દિલ્હીમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે બજેટ પૂર્વેની પરામર્શ બેઠક યોજી હતી. આ બેઠકમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, મણિપુર, ગોવા, હરિયાણા, મેઘાલય, સિક્કિમ, દિલ્હી અને જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલો અને અરુણાચલ પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓડિશા, રાજસ્થાન અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓ અને અન્ય મંત્રીઓએ પણ ભાગ લીધો હતો.

નાણા મંત્રાલયે જણાવ્યું કે સહભાગીઓએ કેન્દ્રીય બજેટ 2026-27 માટે નાણામંત્રીને અનેક સૂચનો કર્યા હતા. ઘણા સહભાગીઓએ ભાર મૂક્યો કે મૂડી રોકાણ માટે રાજ્યોને ખાસ સહાય યોજના (SASCI) વધુ ફાળવણી સાથે ચાલુ રાખવામાં આવશે. સંસદનું બજેટ સત્ર આ મહિનાની 28મી તારીખે શરૂ થવાનું છે.

## REV. AMIT SHAH-KERALA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કેરળની એક દિવસની મુલાકાતે ગઈકાલે રાત્રે તિરુવનંતપુરમ પહોંચ્યા હતા.

તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર વી.વી. રાજેશ, કેરળ ભાજપ પ્રમુખ રાજીવ ચંદ્રશેખર અને અન્ય વરિષ્ઠ પક્ષના નેતાઓએ તેમનું એરપોર્ટ પર સ્વાગત કર્યું.

શ્રી શાહ આજે તિરુવનંતપુરમમાં ભાજપના ચૂંટાયેલા નાગરિક સંસ્થાઓના સભ્યોના રાજ્ય પરિષદનું ઉદ્ઘાટન કરશે. તેઓ દર્શન માટે શ્રી પદ્મનાભ સ્વામી મંદિરની પણ મુલાકાત લેશે. શ્રી શાહ બપોરે કેરળ કૌમુદી અખબાર સંમેલનનું પણ ઉદ્ઘાટન કરશે અને ભાજપ અને એનડીએ નેતાઓની મુખ્ય જૂથની બેઠકમાં હાજરી આપશે.

## AMIT SHAH-SWADESHI

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, સ્વદેશી અને સ્વભાષાના મંત્રને અપનાવીને જ ભારત આત્મનિર્ભર બની શકે છે. રાજસ્થાનના જોધપુરમાં એક કાર્યક્રમને સંબોધતા

શ્રી શાહે લોકોને સ્થાનિક ઉત્પાદન અપનાવવા અને ઘરે પોતાની માતૃભાષામાં વાતચીત કરવા વિનંતી કરી.

BYTE: AMIT SHAH

## INDIANS RESCUE- MYANMAR

ખોટા નોકરીના વચન આપીને મ્યાનમાર લાવવામાં આવેલા અને સાયબર કૌભાંડમાં ગેરકાયદેસર રીતે કામ કરવા માટે મજબૂર કરાયેલા કુલ 27 ભારતીય નાગરિકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે અને ગઈકાલે ભારત પાછા લાવવામાં આવ્યા છે.

આ ફસાયેલા ભારતીય નાગરિકોને ખોટા નોકરીના વચનો આપીને લલચાવીને મ્યાનમાર સરહદ પર લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને બળજબરી, શારીરિક શોષણ અને સાયબર કૌભાંડનો ભોગ બનવાનો ભોગ બનવું પડ્યું હતું.

## IRAN PROTESTS

ઈરાનના સત્તાવાળાઓએ સંકેત આપ્યો છે કે તેઓ વર્ષોમાં સૌથી મોટા સરકાર વિરોધી પ્રદર્શનો પર કાર્યવાહી વધુ તીવ્ર બનાવી શકે છે, જેમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સે આતંકવાદીઓ પર અશાંતિનો આરોપ લગાવ્યો છે અને શાસન પ્રણાલીનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

**સમગ્ર ઈરાનમાં હિંસાના નવા અહેવાલો આવ્યા છે, જોકે ઇન્ટરનેટ બ્લેકઆઉટને કારણે અશાંતિનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું મુશ્કેલ બન્યું છે. ઓનલાઈન પોસ્ટ કરાયેલા નવા વીડિયોમાં રાજધાની તેહરાનમાં અને ઉત્તરમાં રશ્ત, ઉત્તરપશ્ચિમમાં તાબ્રીઝ અને દક્ષિણમાં શિરાઝ અને કર્માન સહિત અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા છે**

**28 ડિસેમ્બરથી સમગ્ર ઈરાનમાં વિરોધ પ્રદર્શનો પ્રસર્યા છે, જે વધતી જતી મોંઘવારીના પ્રતિભાવમાં શરૂ થયા હતા, અને ઝડપથી રાજકીય સ્વરૂપ લઈ રહ્યા છે, જેમાં વિરોધીઓ પાદરી શાસનનો અંત લાવવાની માંગ કરી રહ્યા છે.**

**અધિકારીઓએ યુ.એસ. અને ઇઝરાયલ પર અશાંતિ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. ઈરાની અધિકાર જૂથ HRANA કહે છે કે ઓછામાં ઓછા 50 વિરોધીઓ અને 15 સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા છે, અને લગભગ 2,300 લોકોની ધરપકડ કરવામાં આવી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# SCINDIA-SPEED POST

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ બે નવી ભારતીય પોસ્ટ સેવાઓ, સ્પીડ પોસ્ટ 24 અને સ્પીડ પોસ્ટ 48ની જાહેરાત કરી છે, જે 24 અને 48 કલાકમાં ડિલિવરી સુનિશ્ચિત કરશે.

મધ્યપ્રદેશના શિવપુરી જિલ્લાના પિચોર ખાતે કાર્યક્રમ દ્વારા કરવામાં આવેલી આ જાહેરાતને પોસ્ટલ સેવાઓના આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે બોલતા, સિંધિયાએ જણાવ્યું કે સ્પીડ પોસ્ટ 24 અને સ્પીડ પોસ્ટ 48 સમયસર, વિશ્વસનીય અને ઝડપી ડિલિવરીનો એક નવો ધોરણ સ્થાપિત કરશે.

# INDIA-NEW ZEALAND ODI

ભારત આજે ગુજરાતના વડોદરામાં ત્રણ મેચની ક્રિકેટ ODI શ્રેણીની પહેલી મેચમાં ન્યુઝીલેન્ડ સામે ટકરાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અનુભવી ખેલાડીઓ ફરીથી મેદાનમાં ઉતરશે, T20 વર્લ્ડ કપ 2026 અને IPL 2026 પહેલા આ શ્રેણી ભારત માટે છેલ્લી એક દિવસીય શ્રેણી હશે.

બીજી મેચ ૧૪ જાન્યુઆરીએ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે, જ્યારે ત્રીજી અને અંતિમ મેચ ૧૮ જાન્યુઆરીએ ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાશે.

# WPL MATCH

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની બીજી મેચમાં, ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝને 10 રનથી હરાવ્યું. ગઇકાલે નવી મુંબઈમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા, ગુજરાત જાયન્ટ્સે 20 ઓવરમાં 4 વિકેટે 207 રન બનાવ્યા હતા.

જવાબમાં, યુપી વોરિયર્ઝે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 197 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

નવી મુંબઈમાં ડો. ડીવાય પાટિલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે શ્રેણીની ત્રીજી મેચમા આજે મુંબઈ ઇન્ડિયન્સ દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ આજે સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાત અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખના નિવેદન સહિતના સમાચારો મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યાં છે.
- દિવ્ય ભાસ્કર લખે છે – રાજકોટમાં આજથી બે દિવસની વાઈબ્રન્ટ કોન્ફરન્સ,વડાપ્રધાન નરેંદ્ર મોદી ઉદ્ઘાટન કરશે.
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે – આજથી રાજકોટ વાઈબ્રન્ટ
- નવગુજરાત સમયે સોમનાથ ભારતીય સભ્યતાના સાહસનું ગૌરવશાળી પ્રતિક પ્રધાનમંત્રીના આ નિવેદનને હેડલાઇન બનાવી છે.
- સંદેશ લખે છે – ગ્રીનલેન્ડના નાગરિકોને 1 લાખ ડોલર આપીશું: ટ્રમ્પ
- ગુજરાત સમાચાર લખે છે – ટ્રમ્પ હવે વેનેઝુએલાનું ક્રૂડ સસ્તા ભાવે ભારતને આપશે
- સ્થાનિક પાને સંદેશ લખે છે - રાજ્યમાં જુદા જુદા વિસ્તારોમાં 13 હાઈસ્કૂલોનો આરંભ કરાશે